RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૫

ડિસેમ્બર - ૨૦૧૬

કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ





## *Nothing is Concrete except Change...*

**જય જલારામ...** **જય રઘુવંશ...** **જય મહાપરિષદ...**

આત્મીય જ્ઞાતિબંધુ - ભગિનીઓ....

જય જલારામ..... જય રઘુવંશ..... જય મહાપરિષદ.....

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના સેવાયજ્ઞમાં દેશ અને વિદેશમાંથી હજારો રઘુવંશીઓ સાથે સીધા જોડાવાનો અને આત્મીયતા કેળવવાનો જે અવસર પ્રાપ્ત થયો છે તે બદલ હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું. અનેકવિધ પ્રકલ્પો ઉપર વિવિધ રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી સમાજની ઉપલબ્ધિઓ અને ઉણપો વચ્ચે સેતુ બનવાનો નમ્ર પ્રયાસ શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર ટીમ દ્વારા થઈ રહ્યો છે જે ખરેખર અભિનંદનીય છે.

પરિવર્તન એ સંસારનો નિયમ છે. બદલાતા પ્રવાહો વચ્ચે જે પોતાની જાતને કેળવી શકે છે તે જ લાંબાગાળે સ્વસ્થ સાબિત થાય છે. કોઈ પણ પ્રકારનું પરિવર્તન હંમેશા થોડી-ઘણી પીડા તો સાથે લાવે જ છે પરંતુ લાંબાગાળે તે તંદુરસ્તી આપનારું જ હોય છે. વર્તમાન સમયમાં અર્થતંત્રમાં થઈ રહેલા ફેરફારોને લીધે સમગ્ર દેશમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. જાગૃતિ તથા સાક્ષરતાના અભાવે લોકોને કદાચ વધારે અગવડ પડી હોય તે સ્વાભાવિક છે. રઘુવંશી સમાજમાં નાના-મોટા વેપારીઓનું પ્રમાણ ખૂબ મોટા પ્રમાણમાં છે એટલે તેમણે વિશેષ સભાનતા કેળવી પોતાના વ્યવસાયિક માળખાનું રિસ્ટ્રકચરીંગ કરવું જ રહ્યું.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અમદાવાદ ખાતે એસ.જી. હાઈવે, સોલા વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ ભાગવત વિદ્યાપીઠ ખાતે અતિથિનિકેતનનું નવીનીકરણ લાંબા ગાળાના સમજૂતિ કરારથી હાથ ધરવામાં આવેલ છે. અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચથી તૈયાર થનાર આ અતિથિનિકેતન તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હશે જેમાં રહેવાની વ્યવસ્થા ઉપરાંત ભવિષ્યમાં અન્નક્ષેત્ર તથા કોન્ફરન્સ રૂમ, ટ્રેનિંગ રૂમ, કેન્ટીન જેવી વ્યવસ્થાઓ પણ ઉપલબ્ધ કરાશે. આ ભગીરથ કાર્યમાં જે જે દાતાશ્રીઓ પોતાનો સાથ સહકાર આપી રહ્યા છે તે તમામ માતૃસંસ્થા અને ભાગવત ભૂમિના સહિયારા હરહંમેશ યાદગાર બની રહેશે.

વર્ષ ૨૦૧૭માં માતૃતીર્થ સિધ્ધપુર મુકામે સમગ્ર વિશ્વની માતૃશક્તિઓને સમર્પિત માતૃતર્પણ અર્થે સાર્વજનિક શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કરવામાં આવેલ છે ત્યારે આ જ્ઞાનયજ્ઞમાં તમામ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓના પદાધિકારીઓ અને સભ્યો ઉત્સાહભેર તન, મન અને ધનથી જોડાઈ આ અવસરને ઐતિહાસિક બનાવશે જ તેવી મને સંપૂર્ણ શ્રધ્ધા છે.

આગામી સમયમાં મારા સાથી અને વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ મુંબઈ ખાતે તા.૮-૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ યોજાઈ રહેલ લગ્ન માટેના યુવાપરિચય મેળાને, કટક (ઓરિસ્સા) ખાતે યોજાનાર રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટને તેમજ લોહાણા મહાજન ઓફ ઇસ્ટ આફ્રિકા દ્વારા કિસુમુ ખાતે યોજાઈ રહેલ સ્પોર્ટ્સ ફેસ્ટીવલને આયોજનની સફળતા માટે માતૃસંસ્થાની અઢળક શુભેચ્છાઓ.

**પ્રવિણ કોટક**
**પ્રમુખ**
**શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 5
ડિસેમ્બર - 2017
અંક : 60
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ



પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરુણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-380059.
ફોન : (079) 40091005
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. 2000/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. 8000/-
છૂટક પ્રત કિંમત : રૂ. 10/-

સળંગ વર્ષ : 18 સળંગ અંક : 219

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી એ તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. એ બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| નોટબંધી : ધ ફેસ્ટિવલ ઓફ કેશ ક્રન્ચ | ૪ |
| વિભાગીય સમાચાર | ૭ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૮ |
| સંસ્થા સમાચાર | ૧૮ |
| શાબાશ રઘુવંશી | ૨૨ |
| RCT ભાગવત અતિથિ ભવન | ૨૩ |
| સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ | ૨૪ |


॥ શ્રી રવિભાણ વિજયતેતરામ્ ॥



# પૂજ્ય જાનકીદાસ બાપુ
# વંદન... અભિનંદન...

ગુજરાતના પ્રાચીન ભજન સાહિત્યના ગાયકો - વાદકો કે જેમણે આ પવિત્ર સંસ્કાર સરવાણીને વહેતી રાખવામાં પોતાની આજીવન ગાન ઉપાસના / વાદ્ય ઉપાસના દ્વારા સેવા આપી છે તેવા વિદ્યમાન ભજનિક અને વાદ્યસંગીતકારોને સંતવાણી એવોર્ડથી સન્માનવાના તલગાજરડા મુકામે યોજાયેલા કાર્યક્રમમાં તા.૧૬-૧૧-૨૦૧૬ને બુધવારના રોજ સંતવાણીના સર્જક સંતશ્રી ભાણસાહેબને આ એવોર્ડ પૂ.મોરારિબાપુ દ્વારા એનાયત કરાયો જેને ભાણસાહેબની જગ્યા કમીજલાના મહંત પૂ.જાનકીદાસ બાપુ દ્વારા સ્વીકારવામાં આવેલ. પૂ.ભાણસાહેબની ચેતનાને જીવંત રાખવામાં તેમના આ યોગદાન બદલ પૂ.જાનકીદાસ બાપુને ખૂબ ખૂબ વંદન સાથે અભિનંદન....



# નોટબંધી

## ધ ફેસ્ટિવલ ઓફ કેશ ક્રન્ચ

### દેશને ડિજિટલ અને વિકસિત બનાવવા ભણીનું ડગલું

આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ૮મી નવેમ્બર ૨૦૧૬ની રાત્રે ૮.૧૫ વાગ્યેનું વક્તવ્ય દેશને વિકાસના એક અલગ સ્તરે લઈ જનાર હતું. ૯મી નવેમ્બર ૨૦૧૬થી તાત્કાલિક અસરથી  રૂા. ૫૦૦ અને  રૂા. ૧૦૦૦ની નોટોને અમાન્ય ઘોષિત કરાઈ આ સાથે જ જનતાની લાગણીઓનો જુવાળ ઉઠ્યો છે અને રાષ્ટ્રીયતા જાણે કે શિખરને સ્પર્શી ગઈ છે ! કાળા નાણાં ધારકો માટે તો જાણે આ પગલું વિરાટ અને હિંમતવાન જણાઈ રહ્યું છે. આ નિર્ણય સરહદ પરની સર્જીકલ સ્ટ્રાઈકથી સ્હેજેય કમ નથી ! સામાન્ય માણસ તો ચોક્કસ એક પ્રકારની અંધાધૂંધી અને મુશ્કેલીઓ વચ્ચે ઘેરાયેલો છે છતાં તેની તો અપેક્ષા છે કે દેશમાંથી કાળું નાણું, ભ્રષ્ટ્રાચાર, આતંકવાદ અને જાલી નોટો જરૂર દૂર થશે !

**નોટબંધી**

દેશના નાણાંમાંથી અમુક ચલણી નોટોને અમાન્ય ઘોષિત કરવી એટલે ડિમોનેટાઈઝેશન !

**નોટબંધીનો ઇતિહાસ (તવારીખ)**

આમ તો આ નોટબંધીનો ત્રીજો પ્રસંગ છે. સૌ પ્રથમ નોટબંધી અને ૧૯૪૬માં થયેલ જ્યારે રૂા. ૧૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ ની નોટો બંધ થયેલ અને ત્યારબાદ  ૧૯૫૪ માં રૂા. ૧૦૦૦, રૂા. ૫૦૦૦ અને રૂા. ૧૦૦૦૦ ની નોટ બજારમાં ફરતી કરવામાં આવેલ.

અને બીજી નોટબંધી ૧૯૭૮ની સાલમાં રૂા.૧૦૦૦,  રૂા. ૫૦૦૦ અને  રૂા. ૧૦૦૦૦ ની નોટોને અમાન્ય ઘોષિત કરવામાં આવેલ.

**નોટબંધીની જરૂરિયાત**

જરૂરિયાત સમજતા પહેલાં RBIના ૩૧ માર્ચ, ૨૦૧૬ ના વાર્ષિક પત્રકના આંકડા પર એક નજર.

**ચલણમાંની ચલણી નોટો**
(કુલ રૂા.૧૬.૪૨ લાખ કરોડ)

| નોટનો પ્રકાર (કિંમત) | મૂલ્ય | હિસ્સાની ટકાવારી% |
|---|---|---|
| રૂા.૨ અને ૫ | ૪૯૨૬ કરોડ | ૦.૩ |
| રૂા.૧૦ | ૩૧૧૯૮ કરોડ | ૧.૯ |
| રૂા.૨૦ | ૯૮૫૨ કરોડ | ૦.૬ |
| રૂા.૫૦ | ૧૯૭૦૪ કરોડ | ૧.૨ |
| રૂા.૧૦૦ | ૧૫૭૬૩૨ કરોડ | ૯.૬ |
| રૂા. ૫૦૦ | ૭૮૪૮૭૬ કરોડ | ૪૭.૮ |
| રૂા.૧૦૦૦ | ૬૩૩૮૧૨ કરોડ | ૩૮.૬ |
| | | ૧૦૦% |

ખોટો નોટોને અવગણીએ તો પણ, ચલણમાં રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ ની નોટો ૮૬.૪% હતી!

આપણાં સુરક્ષા વિશ્લેષકોના અહેવાલ મુજબ આપણો પડોશી દુશ્મન દેશ ૧૫ લાખ કરોડથી વધારે મૂલ્યની નોટો છાપીને આપણાં અર્થતંત્રમાં અંધાધૂંધી મચાવી દેવાની પેરવીમાં જ હતો.

ઉપરના કારણો ભય અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને હાલની સરકારને દેશના હિતમાં નોટબંધીનું પગલું સમજદારીભર્યું જણાયું.

## જોખમો

**કાળું નાણું :** વિશ્વબેન્કના અંદાજ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૦૭ અનુલક્ષી G.D.P.ના ૨૩.૨% કાળુનાણું જણાયું. જો ૨૦૧૬ના ૧૩૫.૭૬ લાખ કરોડના આંકડાને ધ્યાનમાં રાખીએ તો તે ૨૫% સુધી પહોંચી શકે તેમ છે. કાળા નાણાંનું અર્થતંત્ર, દેશના અર્થતંત્રના સમાંતર ધંધા અને રોકાણ ક્ષેત્રે બાંધકામ, સોનુ, ઝવેરાત વિગેરેમાં ભયંકર રીતે ચાલી રહ્યું છે. હાલના સંજોગોમાં દેશના અર્થતંત્રના વિકાસ અને વૃધ્ધિ માટે, કાળા નાણાંને અંકુશમાં રાખવા માટે નોટબંધી કર્યા વિના છૂટકો જ ન્હોતો!

**આતંકવાદ :** આતંકવાદને પોષવા અને ફૂલવા ફાલવા માટે જો કાંઈ કારણભૂત હોય તો તે છે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ ની ખોટી નોટો ! આતંકવાદીઓ આવી મોટી નોટો, ખોટી રીતે છાપી છાપીને તેમની આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યા હતાં જે યુધ્ધના ધોરણો, તાત્કાલિક બંધ કરવું અનિવાર્ય હતું.

**ભ્રષ્ટાચાર :** દેશના વિકાસમાં બાધારૂપ કારણ જો કોઈ હોય તો તે બિનહિસાબી કાળુનાણું છે. વિશ્વના પારદર્શી અહેવાલ અનુસાર ૨૦૧૬ની સાલમાં ૧૭૫ દેશમાં આપણો ક્રમ ૭૬મો રહ્યો છે.

**જાલી કે બનાવટી નોટો :** ભારતીય આંકડાકીય સંસ્થા, કોલકતાના ૨૦૧૫ નાં આંકડા અનુસાર દેશમાં ૪૦૦ કરોડ રૂપિયાની બનાવટી નોટો ચલણમાં હતી ! નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA)ની માહિતી અનુસાર દર વર્ષે રૂા. ૭૦ કરોડની આવી મોટી ચલણી નોટો (રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦) બજારમાં ફરતી કરાય છે જે આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ આપનાર છે. આથી જ આ નોટબંધીના નીડર પગલાંથી બનાવટી નોટોના ષડયંત્રને મોટો આંચકો પહોંચશે.

**કાળા નાણાંને નાથવા માટે વર્તમાન સરકારના કડક પગલાં :** આમ તો આ સરકાર સત્તામાં આવી ત્યારથી જ જાણે કાળાનાણાંને નાથવા કટિબદ્ધ છે જેનાં માટે તેણે શરૂઆતથી જ સમયે, સમયે પગલાં ભરવાનું શરૂ કરી દીધેલ જ!

૧. સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (SIT)ને આવતાવેંત જ વિદેશમાં કેટલું કાળુનાણું છે તેની માહિતી એકત્રિત કરવા કહ્યું.

૨. દેશનો દરેક નાગરિક બેન્કથી જોડાય તે માટે પ્રધાનમંત્રીએ ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ 'પ્રધાનમંત્રી જનધન યોજના' દાખલ કરી.

૩. વચેટિયા તથા ભ્રષ્ટાચાર ને નાબૂદ કરવા સરકારે સબસીડી દ્વારા લાભકર્તાના ખાતામાં જ નાણાં જમા થાય તેવી જોગવાઈ કરી.

૪. પરદેશમાંની આવક અને અસ્કયામતો માટે ૨૦૧૫ નો કર કાયદો.

૫. મકાન અને બાંધકામક્ષેત્રે તેને અંકુશમાં રાખવા ૨૦૧૬ માં નિયંત્રણ લાવ્યા.

૬. કાળાનાણાં ધારકોને ૪૫% ટેક્સ ભરીને પોતાનું નાણું જાહેર કરવાની પહેલી તક ૨૦૧૬માં આપી.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૮મી નવેમ્બર ૨૦૧૬ ના પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે ઉપરના પગલાંથી માત્ર અઢી વર્ષના જ ટૂંકા ગાળામાં ૧.૨૫ લાખ કરોડનું કાળુનાણું વસૂલ કરી શકાયું.

નોટબંધીએ નીડર અને ક્રાંતિકારી પગલું છે. વળી આ સમાજના દરેક વર્ગના લોકોને સ્પર્શતું હોવાથી સરકારે સમજદારીપૂર્વક અને ખાનગી રીતે કરવું સલામતી દૃષ્ટિએ અનિવાર્ય છે. આમ છતાં સામાન્ય માનવીને મુશ્કેલીઓ અને અફરાતફરીનો સામનો કરવો પડ્યો છે. જો કે સામાન્ય માનવીએ જે હાડમારી સહન કરવાની / વેઠવાની પ્રતિબધ્ધતા દેશની ભલાઈ માટે બતાવી છે તેની સામે વડાપ્રધાને સલામ કરી છે.

જનતા પોતાની રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ ની રોકડ નોટો વટાવી શકે તે માટે સરકારે બેન્ક ઉપરાંત પોસ્ટ ઓફિસમાં પણ વ્યવસ્થા કરેલ. સામાન્ય માનવી માટે વિશેષ સગવડરૂપે જાહેર સુવિધાના સ્થળો જેમ કે સરકારી દવાખાના, ટોલ પ્લાઝા, કરવસૂલ વિભાગો, પેટ્રોલ પંપ ખાતે જૂની નોટો સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવેલ. આમ છતાં મોટી ઉથલપાથલ પર સરકારની બાજનજર તો છે જ ! બિનહિસાબી મોટી રકમ પર ૨૦૦% સુધીનો સરકાર દ્વારા દંડ લગાવી શકાય તેમ છે. જો કે સરકાર દિન પ્રતિદિન સામાન્ય માનવીને હાડમારીની ન થાય તે માટે વ્યવહારુ ઉકેલ કાઢતી જ રહી છે જેથી સામાન્ય માનવી અધીરાઈમાં ગેરકાયદે અને અનીતિમાં ન દોરવાઈ જાય !

સરકારે નોટબંધી બાદ રૂા. ૧૦૦૦ અને રૂા. ૫૦૦ ની નવી નોટો છાપવાનો પ્રબંધ કરી દીધેલ. આમ છતાં નાણાંભીડને કારણે સામાન્ય માનવીને રૂા. ૨૦૦૦ની નોટથી વ્યવહારમાં ચોક્કસ તકલીફ છે.

દેશની વડી બેન્ક આરબીઆઈએ રૂા. ૨૦૦૦ ની ગાંધી સીરીઝની નવી નોટ બહાર પાડી છે. નોટની પાછળ દેશની અવકાશક્ષેત્રની સિધ્ધિની પ્રસિધ્ધિરૂપે મંગલયાનની આકૃતિ છે. આ નોટનો મૂળ રંગ મજેન્ટા (જાંબલી) છે અને તેનું કદ 66 mm x 166 mm છે.

આરબીઆઈ એ ગાંધી સીરીઝની રૂા. ૫૦૦ની નોટ પણ બહાર પાડી છે જેનો રંગ પથ્થર જેવો ભૂખરો છે. જેમાં ગાંધીજી તથા અશોકસ્તંભ દેખાય છે. આ નોટ કદમાં 66 mm x 150 mm છે. જો કે તમે જ્યારે આ વાંચી રહ્યા હશો ત્યારે તમારા હાથમાં જૂની નોટને બદલવાનો કે વાપરવાનો ઉપાય રહ્યો નહીં હોય! તમે ૩૦મી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં માત્ર બેન્કમાં ખાતામાં જમા કરાવી શકશો.!

સરકારનું નોટબંધીનું નીડર અને ક્રાંતિકારી પગલું દેશ અને વિદેશમાં આવકારપાત્ર બની રહ્યું છે. જો કે આરબીઆઈ તથા સરકાર દ્વારા છાશવારે આવતા જતાં નિયમોનો વિરોધપક્ષોએ વિરોધ કર્યો છે. નિષ્ણાતોની મોજણી (સર્વે) અને વિચારો અનુસાર આગામી સમયમાં આ પગલાંની નીચે મુજબ અસર / પ્રભાવ થશે.

૧. ફૂગાવામાં ઘટાડો
બજારમાં પૈસાની તંગી / અછતને કારણે ફુગાવો ઘટશે.

૨. દેશનો આર્થિક વિકાસદર
બજારમાં પૈસાની અછતના કારણે વૃદ્ધિદર ૭.૮થી ૬.૮ ત્રીજા ત્રિમાસિક ગાળામાં, અને ૭.૫% ચોથા ત્રિમાસિક ગાળામાં થઈ જશે. જો કે લાંબાગાળે તો વિકાસ દર વધશે જ. જો કે કેટલાંક વેપારીઓ અને સામાન્ય માનવી જેઓ માત્ર રોકડથી જ વ્યવહાર કરવા ટેવાયેલાં છે. તેમને થોડો સમય હાડમારી રહેશે પરંતુ સમય જતાં તેઓ "પ્લાસ્ટિક મની"ના આદિ થઈ જશે.

M (કુલ નાણાં પૂરવઠો) V (નાણાં વપરાશની આવૃત્તિ) P (સામાન્ય કિંમત સ્તર) Y (અર્થતંત્ર ઉત્પાદનનું સ્તર)

ટૂંકમાં બજારમાં ઓછા નાણાં ઠલવાય તો ઓછું ઉત્પાદન થાય!

**(૩) ભારતનું કર માળખું :** સને ૨૦૧૫ ના અહેવાલ અનુસાર દેશમાં માત્ર ૩% લોકો જ આયકરનું રીટર્ન ભરેલ છે અને વળી એમાંથી માત્રને માત્ર ૧% આયકર ભરે છે! બીજા માત્ર રોકડથી જ વ્યવહાર કરે છે. પરંતુ નોટબંધીના પગલાંથી વધુ ને વધુ લોકોને રોકડમાંથી બેન્કીંગ તરફ વાળી કરપાત્ર લોકો વધારાશે.

**(૪) કાળા નાણાંનો નાશ અને સરકારનો લાભ :** ૧૯૭૮ ના નોટબંધીના અનુભવે જરૂર કહી શકાય કે ૧૫%થી ૨૦% કાળુંનાણું, બેન્કના વ્યવહારમાં જોવા નહીં મળે નાશ થતો જણાશે જેનો ફાયદો સરકારને દેવા માફીરૂપે મળી શકે!

**(૫) ભ્રષ્ટાચારમાં ઘટાડો લાવશે ધંધામાં સરળતા :** નોટબંધીથી ભ્રષ્ટાચાર ઘટશે. રોકડ ઘટશે, લોકો હિસાબી 'પ્લાસ્ટિક મની' તરફ વળશે.

**(૬) ડિજિટલાઈઝેશન અને ઇ કોમર્સ :** નોટબંધી લાંબેગાળે લોકોને ડિજિટલ અને ઈકોમર્સ વ્યવહાર તરફ લઈ જશે.

નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલી જણાવે છે કે જૂની નોટો સંપૂર્ણપણે બદલાઈ રોકડમાં જ પરિવર્તિત થઈ નથી. છેલ્લા ત્રણ અઠવાડિયાનો અનુભવ બતાવે છે કે લોકો ઈવોલેટ અને ઈકોમર્સ તરફ વળવા લાગ્યા છે. હવે, ભલે ધીરે ધીરે પણ દેશમાં 'પ્લાસ્ટિક મની'નો યુગ આવશે.

દેશની અગ્રગણ્ય ઈવોલેટ કંપનીએ જણાવ્યું કે હમણાં હમણાં તેમનો ધંધો ૭૦૦% વધ્યો છે.

જો કે દેશને કેશલેસ થતા સમય લાગશે પણ દુનિયામાં બીજા દેશોમાં કે જ્યાં ૮૦%થી ૯૦% કેશલેશ વ્યવહાર થતાં હોય તો આપણે મક્કમ રીતે આગળ ડગલું ભરવું જ રહ્યું!

**(૭) બેન્ક ક્ષેત્ર :** નોટબંધીના પગલે બેન્કોમાં અઢળક નાણાં ઠલવાયાં છે જેનાં પરિણામે ડિપોઝીટના દર ઘટશે વળી બેન્કોને લોન ધિરાણ માટે પૂરતાં નાણાં મળશે તેથી ઓછાં વ્યાજે ધિરાણ કરી સધ્ધર થઈ શકશે.

**(૮) મકાન અને બાંધકામ ક્ષેત્રે અસરો :** નોટબંધીથી સૌથી પ્રભાવિત ક્ષેત્ર આ જ છે કારણકે આમાં મોટાભાગે રોકડ વ્યવહાર થાય છે. આના અસરરૂપે કિંમતો ૩૦% સુધી ઘટી શકે છે. પૈસાની મંદીને કારણે આ ક્ષેત્રે થોડી મંદી રહી શકે છે તો તેની સામે મિલ્કતોની કિંમત તથા બેન્ક ધિરાણદર ઘટાડો આકર્ષિત કરી શકે છે.

**(૯) સોના બજાર પરની અસરો :** કાળા બજારની પહેલી દોટ સોના તરફની રહી છે. કારણકે તેમાં બેન્ક વ્યવહાર જેટલી કાયદાકીય અને ખાતાકીય માથાઝીક નથી. આમ છતાં સરકારની બાજ નજર આના પર પણ છે જ. નોટબંધી પછી તુરંત વધેલા ભાવ આથી ઘટી શકે છે.

**(૧૦) શેરમાર્કેટ પરની અસરો :** એવું અનુમાન ચોક્કસપણે લગાવી શકાય કે ૨૦૧૬-૨૦૧૭ના ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર ઘટી કોર્પોરેટ અને શેરમાર્કેટના પરિણામો પર પ્રભાવ પાડી શકે છે. આમ છતાં નિષ્ણાતો અને વિશ્લેષકોનું માનવું છે કે રીયલ એસ્ટેટ અને સોના કરતાં લોકો શેરમાર્કેટને વધુ પસંદ કરશે.

સરવાળે જોઈએ તો પ્રામાણિકપણે કર ચૂકવતો આમ આદમી નોટબંધીથી ફાયદામાં રહેશે, ભલે લાંબે ગાળે!

નોટબંધીથી બોધ લઈ લોકોએ રોજબરોજના વ્યવહારમાં ઝડપથી 'પ્લાસ્ટિક મની' તથા 'કેશલેસ' વ્યવહાર તરફ વળવાની તાતી જરૂર છે. આનાથી તમને તો સમયની બચત. ઝંઝટમુક્ત પારદર્શિતાનો તો ફાયદો થશે જ પરંતુ તમે ભ્રષ્ટ્રાચાર, કાળુનાણું, ખોટુંનાણું, આતંકવાદ હટાવવા દેશના ભાગીદાર બની દેશભક્ત તરીકે ઊંચું માથું રાખી શકશો.

સંકલન : શિલ્પાંગ કારીયા (સી.એ.)
અધ્યક્ષ : પ્રોફેશનલ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ

# યુવા વિભાગ

કોઈ પણ સમાજની પ્રગતિનો આધાર તે સમાજમાં સક્રિય યુવા વર્ગ પર નિર્ભર હોય છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમાજની ઉપલબ્ધિ કહી શકાય તેવા ટેલેન્ટેડ યુવાનોની યાદી તૈયાર કરી દરેક વિભાગમાં યુવાનોને એક નવો ઉત્સાહ અને પ્રેરણા પૂરો પાડે તેવા વર્કશોપનું આયોજન દરેક વિભાગમાં કરવાનું પ્રસ્તાવિત થયેલ છે. શ્રી લોહાણા મહાપરિષદ યુવા વિભાગ દ્વારા દરેક વિભાગમાંથી આવા અંદાજિત ૫૦૦ જેટલા સમર્પિત યુવાનોની બ્રિગેડ (૪૦ કે તેથી ઓછી ઉંમરના) તૈયાર કરવાનું કાર્ય સંલગ્ન વિભાગના યુવા અધ્યક્ષ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. પોતાના ગામ કે પ્રદેશમાં અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની શકે તથા જાહેર હિતના કાર્યોમાં પોતાનું તન, મન અને ધનથી યોગદાન આપી શકે તેવા યુવાનોની યાદી સ્થાનિક મહાજનશ્રીઓ સાથે સંપર્ક કરવામાં આવી રહી છે. આ અંગે આવા કોઈ પણ યુવાનને પ્રોત્સાહિત કરી તેનું નામ આ યાદીમાં જોડવા માટે આપ સંલગ્ન વિભાગના યુવા અધ્યક્ષનો સંપર્ક કરશો. અત્રે તમામ મહાજનશ્રીઓના હોદ્દેદારોને પણ યુવક મંડળના બે થી ત્રણ સક્રિય સભ્યોના નામ આ યાદીમાં સમાવિષ્ટ કરવા નીચેના યુવા અધ્યક્ષશ્રીઓનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વિભાગ : શ્રી ધવલભાઈ આચાર્ય - 9879100000
કચ્છ વિભાગ : શ્રી અતુલભાઈ મજીઠીયા - 9825955878
વિદર્ભ સહ મધ્ય ભારત : શ્રી નિલેશભાઈ ગઢીયા - 9373958585
મુંબઈ સહ મહારાષ્ટ્ર : શ્રી નિખિલભાઈ સુબા - 9320510060

ઉત્તર પૂર્વ ભારત : શ્રી ઋષિભાઈ ઑંધિયા - 9830814828
સૌરાષ્ટ્ર વિભાગ : શ્રી સુમિતભાઈ ઠક્કર - 9825566642
દક્ષિણ ભારત વિભાગ : શ્રી જીનેશભાઈ દત્તાણી - 9043016855

- સંકલન : અજય વડેરા, ગોંદીયા - રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ

# વિભાગીય સમાચાર

## ઉત્તર-પૂર્વ વિભાગ :

કોલકાતા: શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર પૂર્વ વિભાગ તથા રઘુકુળ એકેડેમીની સંયુક્ત દિવાળી તથા નવા વર્ષનું સ્નેહમિલન તા. ૫-૧૧-૨૦૧૬ને શનિવાર લાભપાંચમને દિવસે શ્રી કલકત્તા લોહાણા મહાજનવાડીમાં યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર પૂર્વ વિભાગના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ઑંધિયાએ (ઠક્કર) એમના પ્રાસંગિક પ્રવચનમાં હાજર રહેલ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને ખાસ આ પ્રસંગે ઉપસ્થિત રહેલ શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી, ભૂતપૂર્વ પ્રમુખ તેમજ લોહાણા મહાજનના ટ્રસ્ટ મંડળના ચેરમેન શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી તથા શ્રી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ રાજા, શ્રી કલકત્તા લોહાણા મિત્ર મંડળના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ ગણાત્રા તથા રઘુવંશી કલ્ચરલ કલબના પ્રમુખ શ્રી મનહરલાલ માણેકનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોહાણા મહાપરિષદ ઉત્તર-પૂર્વ વિભાગના ભૂતપૂર્વ ઉપપ્રમુખ શ્રી પરસોત્તમભાઈ પારેખ અને શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર-પૂર્વ વિભાગના ભૂતપૂર્વ મહિલા ઉપાધ્યક્ષ શ્રીમતી સુશીલાબેન માણેક પણ હાજર રહ્યા હતા અને તે બન્નેનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિનોદભાઈ ઑંધિયાએ





તા. ૨૦-૧૧-૨૦૧૬ના રોજ મહાપરિષદના સ્કીલ ડેવલપમેન્ટના ઉત્તર-પૂર્વના ઉપાધ્યક્ષ રમેશભાઈ સાકરીયાની આગેવાની હેઠળ લીલવા ગુજરાતી સ્કુલ પરિસરમાં કોમ્પ્યુટર કલાસનું ઉદ્ઘાટન કરવામાં આવશે અને તે જ દિવસે શાંતિનગર હાઉસીંગ સોસાયટીમાં પર્યાવરણ સમિતિના ઉત્તર-પૂર્વના ઉપાધ્યક્ષ શ્રીમતી મનિષાબેન કોટેચાના નેતૃત્વમાં ૧૦૦ વૃક્ષ વાવવાનો કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ છે. અંતમાં શ્રી લોહાણા મહાપરિષદ ઉત્તર-પૂર્વ વિભાગના સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતી અનવેશા ઠક્કર દ્વારા ક્વીઝ તથા વિવિધ પ્રકારના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને હાજર રહેલ દરેકે આનંદ માણ્યો હતો અને ત્યારબાદ ભોજનનો આનંદ માણી સૌ છૂટા પડ્યા હતા.

- સંકલન : વિનોદભાઈ ઑંધિયા (ઠક્કર)

# થેલેસેમિયા સમિતિ



લોહાણા સમાજમાં થેલેસિમીયા મેજર નામનો મહાભયાનક રોગ પ્રસરી ચૂક્યો છે. તેના ભાગરૂપે સમસ્ત રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકના સબળ નેતૃત્વ હેઠળ અને ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીની પ્રેરણાથી થેલેસિમીયા નાબૂદી અભિયાન અંતર્ગત લોહાણા જ્ઞાતિમાંથી થેલેસિમીયા મેજર નામના મહાભયાનક રોગને જડમૂળમાંથી નાબૂદ કરવાના પ્રયાસરૂપે મોટા પ્રમાણમાં થેલેસિમીયા પરીક્ષણ થાય અને થેલેસિમીયા માયનોર યુવકે કે યુવતીના લગ્ન / વેવિશાળ ન થાય તે માટે વિશેષ ઝુંબેશ ચાલી રહી છે.

તા.૮-૧૧-૨૦૧૬ના રોજ રાજભવન, ગાંધીનગર ખાતે ઉપરોક્ત કામગીરીને ધ્યાને લઈ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા જેના પ્રમુખપદે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી સાહેબશ્રીના વરદહસ્તે શ્રી લોહાણા મહાપરિષદને થેલેસિમીયા નાબૂદી માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ વિશિષ્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા. શ્રી લોહાણા મહાપરિષદ વતી થેલેસિમીયા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. રમેશભાઈ ભાયાણી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી  ભરતભાઈ ઉનડકટ, રાષ્ટ્રીય મંત્રી શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા, રાષ્ટ્રીય સહમંત્રી શ્રી મુકેશભાઈ ગોવાણી તથા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રીશ્રીઓ શ્રી રઘુવીરભાઈ ગઢિયા અને શ્રી મિતલભાઈ ખેતાણી ઉપસ્થિત રહી વિશિષ્ટ એવોર્ડને ગુજરાતના રાજ્યપાલશ્રીના વરદ હસ્તે સહર્ષ સ્વીકાર્યો. જે આપણા સૌ રઘુવંશીઓ માટે ગૌરવપ્રદ ગણાવી શકાય. ગુજરાતના રાજ્યપાલશ્રી તથા ગુજરાત સરકારના આરોગ્ય સચિવશ્રીના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી લોહાણા મહાપરિષદની થેલેસિમીયા નાબૂદી અભિયાન અંતર્ગત થતી કામગીરીની વિશેષ પ્રશંસા કરવામાં આવી હતી. વિશેષ આનંદની વાત એ છે કે શ્રી લોહાણા મહાપરિષદને વર્ષ ૨૦૧૫માં પણ થેલેસિમીયા નાબૂદી અભિયાન અંતર્ગત વિશેષ કામગીરી કરવા બદલ વિશિષ્ટ એવોર્ડ પ્રાપ્ત થયેલ હતો.





અત્રે ઉલ્લેખનીય છે કે થેલેસેમિયા સમિતિ દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના જન્મદિવસ નિમિત્તે તા.૨૦ નવેમ્બર, ૨૦૧૬ના રોજ શાસ્ત્રી મેદાન રાજકોટ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં થેલેસેમિયા પિડિત બાળકોને જાદુગરનો શો બતાવવામાં આવ્યો હતો તથા સાંજનું ભોજન પણ પીરસવામાં આવ્યું હતું. તા.૨૧ નવેમ્બર, ૨૦૧૬ના રોજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી નીતીનભાઈ રાયચુરાના સહયોગથી સંયુક્ત મંત્રી શ્રી મિતલભાઈ ખેતાણી દ્વારા આન ઓટોમોબાઈલ ખાતે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે,શ્રી પ્રવિણભાઈ કોટકના જન્મદિન નિમિત્તે રાજકોટ શ્રીજી ગૌશાળા ખાતે ગાયોને ભોજન, ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે ઋષિકુમારોને ભોજન સૌજન્ય અપાયું હતું. શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર પણ સાંજે હોદેદારો શુભેચ્છા પાઠવવા ઉપસ્થિત રહ્યા હતા.

# બોન મેરો - ડિરેક્ટરી

આપ આજે અસ્થિમજ્જાના દાનનો સંકલ્પ કરો અને કોઈ પીડિતને ઉજળી આવતીકાલ દેખાડો અને નવજીવન બક્ષો. દર વર્ષે ભારત દેશમાં બધી કોમ, જાતિ, વિસ્તાર કે સામાજિક ક્ષેત્રના સ્ત્રી-પુરુષો પૈકી આશરે ત્રણ હજારથી વધારે નવા દર્દીઓ લ્યૂકીમિયા (લોહીના કેન્સર) કે વારસાગત લોહી તરસ્યા રોગ થેલેસીમિયા કે એપ્લાસ્ટિક એનીમિયા જેવા અસાધ્ય રોગ સાથે ઉમેરાય છે. આ દર્દીઓને અસ્થિમજ્જાના પ્રત્યારોપણ (બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ)થી ફાયદો થઈ શકે છે અને તેઓ રોગમુક્ત થઈ શકે છે. તેમના શરીરને સ્વીકાર્ય એવી અસ્થિમજ્જા મળવી જોઈએ સામાન્ય દર્દીના સગાં ભાઈ કે બહેન કે કોઈક વખતે માતા-પિતાના મજ્જા સ્વીકાર્ય બનતી હોય છે. તે શક્ય અથવા ન હોય ત્યારે સ્વીકાર્ય અસ્થિમજ્જા અને આદિકોષો માટે સગાં ન હોય તેવા દાતા પર આધાર રાખવો પડે છે. તેના માટે બોનમેરો ડોનરથી રજિસ્ટ્રી બનાવવામાં આવે છે.

### આ મેરો ડોનર ડિરેક્ટરી ખરેખર છે શું ?

આ એક એચ.એલ.એ.ની તપાસ કરેલા સ્વૈચ્છિક બોન મેરો કે આદિકોષ દાતાઓની નોંધણી અથવા નામ-નિર્દેશિકા છે, જેથી દર્દીઓના એચ.એલ.એ. સાથે મળતા આવતા એચ.એલ.એ. વાળા દાતા મળી રહે. તે લોહીના ઉપર જણાવેલા ભયંકર ન મટે તેવા રોગો માટે સહાયક થઈ પડે છે. આના કારણે જે દર્દીઓને પોતાના સગાંમાંથી એચ.એલ.એ.નો મેળવાળો દાતા ન મળી રહે અથવા આવાં સગાં ન હોય જે તેમને માટે મેરો દાતાની સહાય લઈ શકાય છે.

### આવી નામ-નિર્દેશિકાનો ઉપયોગ શો છે અને કોણ કરે છે ?

આખા વિશ્વમાં ખાસ કરીને અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ ઓસ્ટ્રેલિયા ઇત્યાદિ દેશોમાં આવી મેરો ડિરેક્ટરીઓ ઉપલબ્ધ છે અને બહુ ઉપયોગી પુરવાર થઈ છે. ભારત દેશમાં આ બાબતે જોઈએ તેવી જાગૃતિ આવી નથી. તેથી આવી નોંધપોથીના અભાવે ઘણા દર્દીઓ આવા લાભથી વંચિત રહી જાય છે અને પોતાના જીવન માટે અલભ્ય સારવાર મેળવી શકતા નથી અને દુઃખી થાય છે.

સવા સો કરોડની વસ્તીવાળા આપણા દેશમાં પ્રારંભમાં આપણને ઓછામાં ઓછા એક લાખ મેરો દાતાઓની નોંધણીની જરૂર છે. જેના મેરોની તપાસ કરવામાં આવી હોય તેવા દાતાઓ જરૂર પડ્યે ત્યારે પોતાના હાડકાના માવા (મજ્જા)નું દાન કરવા તૈયાર રહે. આવી નામ-નિર્દેશિકા માત્ર આપણા દેશ માટે જ નહિ પણ ભારત બહાર રહેતા બિનનિવાસી ભારતીય - નોન રેસિડેન્ટ ઇન્ડિયનને પણ ઘણી ઉપયોગી થઈ શકે છે. ખાસ કરીને શ્રીલંકા, નેપાળ, આફ્રિકાના પૂર્વ કિનારાના દેશો, સાઉદી અરેબિયા, ઈરાન, કુવૈત, દુબઈ અને દક્ષિણ પૂર્વના એશિયન લોકોને પણ તે ઉપયોગી બને.

### આ દાતાઓની નામ-નિર્દેશિકા કોણ બનાવશે ?

હાલમાં મુંબઈ ખાતેની મેરો ડોનર રજિસ્ટ્રી ઑફ ઇન્ડિયા નામની સંસ્થા આવા દાતાઓની લોહીની તપાસ કરીને તેમના એચ.એલ.એ. ની નામ-નિર્દેશિકા બનાવશે. આની સાથે આ બાબતે ગુજરાતમાં પ્રચારના કાર્ય માટે અમદાવાદની ત્રણ મહત્ત્વની માનવસેવી સંસ્થાઓમાં જવાબદારી ઉપાડી છે.

(૧) ભારતીય રેડક્રોસ સોસાયટી, અમદાવાદ, ૧૮, ગુજરાત બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પાલડી, અમદાવાદ. ફોન : (079) 26650855

(૨) ગુજરાત કેન્સર સોસાયટી, અસારવા, અમદાવાદ. ફોન : (079) 22688061

(૩) બીના શ્રેયસ પંડ્યા સદ્‌વિચાર પરિવાર હેલ્થ એજ્યુકેશન, ઇન્ફર્મેશન એન્ડ રિસોર્સ સેન્ટર, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન : (079) 26861055

આથી જરૂર પડે ત્યારે જરૂરિયાતમંદ દર્દીઓને તેમના શરીરના સ્વીકાર્ય (સુમેળ થાય) તેવો મેરો આપી શકાશે. તેવા નમૂનાને તપાસ કરવા માટે, સાચવવા માટે અને જરૂર પડે તે જગ્યાએ મોકલાવા માટેની વ્યવસ્થા તે સંસ્થાઓ ઉપાડશે. આ સંસ્થાઓ વૈશ્વિક સ્તરે આ નામ-નિર્દેશિકાની માહિતી પૂરી પાડશે અને પરસ્પર વિનિમયના ધોરણે ભારતના દર્દીઓ માટે સુમેળ થાય તેવા મેરો દાતાનો સંપર્ક સાધશે. આ સંસ્થાઓ એક પ્રચાર કાર્યક્રમ ચલાવશે. ઉપરાંત દાતાઓને સલાહ-સમજણ આપશે, નવા નવા લોકસમૂહોને આકર્ષવા પ્રયાસો કરશે અને લોહીના નમુના ભેગાં કરવાનું કામ કરશે. પ્લેટલેટ એફેરેસિસ અને ટ્રાન્સપ્લાન્ટ અંગેનું કાર્ય પણ સંભાળશે. આમ આપણા દેશની નોંધણી બંને પક્ષે સહાયક કાર્ય કરશે.

### નોંધણીમાં જોડાવા માટે

આ નોંધણીમાં જોડાવા માટે આપના લોહીનો નમૂનો લેવામાં આવે છે અને આપની તંદુરસ્તીને લગતા થોડા સવાલો પૂછવામાં આવે છે. આપના લોહીના નમૂનાની તપાસના અંતે આપના એચ.એલ.એ.ની તપાસ કરીને તેની ડેટાબેઝમાં નોંધી લેવામાં આવે છે.

આપની ઉપયોગિતા ઘણી છે કેમ કે કોઈપણ સમયે લગભગ ત્રણ હજાર જેટલા દર્દીઓ પોતાને મળવા આવે તેવા મેરો દાતાની શોધ કરતાં હોય છે.

- સંકલન : અલ્પેશ જોબનપુત્રા, મુકેશ ગોવાણી - અમદાવાદ



# લગ્નવિષયક સમિતિ





શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ લગ્નવિષયક સમિતિ દ્વારા જીવનસાથીની પસંદગી માટે પરિવારો વચ્ચે માધ્યમ બનવા માટે દરેક સ્તરે વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વ્હોટ્સએપ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા આવા તમામ પરિવારો માટે ઈચ્છિત કેટેગરીના બાયોડેટાની આપ-લે થઈ રહી છે વિવિધ સંસ્થાઓ તથા મહાજનો દ્વારા પણ આ પ્રકારના પરિચય મેળાનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

**આગામી તા. ૮ / ૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ હોટલ ગ્રાન્ડ હયાત, શાંતાક્રુઝ, મુંબઈ ખાતે પણ સમૃદ્ધ પરિવારોના તેમજ વિદેશમાં વસતા પરિવારો અથવા વિદેશ જવા ઈચ્છતા સભ્યો માટે માધ્યમ બનવા બે દિવસીય કાર્યક્રમનું આયોજન** લગ્નવિષયક સમિતિ તેમજ વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ કરેલ છે. આ કાર્યક્રમના આયોજન માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી, મુંબઈ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા, ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી સતીષભાઈ દત્તાણી, મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ અને આ કાર્યક્રમના કન્વીનર શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી લલિતભાઈ ઠક્કર, શ્રી ચેતનભાઈ બાટવિયા, શ્રી ચિંતનભાઈ વસાણી, શ્રી કિરીટભાઈ વિઠલાણી, શ્રી જયેન્દ્રભાઈ સોઢા, શ્રી નરેન્દ્રભાઈ ગોકાણી, શ્રી વિનોદભાઈ ભીમજીયાણી, શ્રી હર્ષદભાઈ કારિયા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





તા.૨૭ નવેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ ધર્મદેવ હાઉસ અમદાવાદ ખાતે, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના યજમાનપદે લગ્નવિષયક સમિતિની યોજાયેલ મીટીંગમાં તા.૮-૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મુંબઈ ખાતે યોજાનાર ગ્લોબલ લોહાણા યુવા મીટની ચાલી રહેલી તૈયારીઓ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરાયો હતો તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપસ્થિત સમિતિના સભ્યો તથા અન્ય આમંત્રિત સભ્યો પાસેથી સૂચનો મેળવવામાં આવ્યા હતા. લગ્નવિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડાએ આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આગામી વેકેશનમાં એટલે કે મે માસમાં ચોટીલા મુકામે લોહાણા મહાપરિષદ દ્વારા જીવનસાથી પસંદગી માટે પરિચય મેળાનું આયોજન (નિઃશુલ્ક) કરવા અંગે પણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને સૌ સભ્યોએ બિરદાવ્યો હતો. આ મીટીંગમાં શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સૌને પોતાનો અમૂલ્ય સમય ફાળવીને ઉપસ્થિત રહેવા માટે અભિનંદન પણ પાઠવ્યા હતા. સવારે ૧૧.૧૫ કલાકે શરૂ થયેલી આ મીટીંગનું બપોરે ૨.૦૦ કલાકે ભોજન સાથે સમાપન થયું હતું. આ મીટીંગમાં લગ્નવિષયક સમિતિના સભ્યો ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈ સોમાણી, શ્રી પી.જી. ઠક્કર, શ્રી જીતુભાઈ પૂજારા, સુશ્રી દુર્ગાબેન લાદીવાલા, શ્રી મુકેશભાઈ ઠક્કર પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગ માટે જરૂરી સંકલન શ્રી હર્ષદભાઈ કારીયા દ્વારા કરવામાં આવેલ.

**તા. ૮-૯ જાન્યુઆરી ૨૦૧૭ ના ગ્રાન્ડ હયાત, મુંબઈના જીવનસાથી પસંદગી કાર્યક્રમ (ગ્લોબલ યુવામીટ)માં રજીસ્ટ્રેશન માટે સંપર્ક :**

**શ્રી જયેન્દ્રભાઈ સોઢા (મુંબઈ) - 98690 09363**
**શ્રી યમેશભાઈ ઠકરાર (અમદાવાદ) - 88660 68680**
**શ્રી ચિંતનભાઈ વસાણી (મુંબઈ) - 9819041127**
**શ્રી સુભાષભાઈ ઘેલાણી (અમદાવાદ) - 98250 10807**
**શ્રી હર્ષદભાઈ કારીયા (અમદાવાદ) - 7573008335**
**શ્રી નરેન્દ્રભાઈ ઠક્કર (ગોકાણી) (મુંબઈ) - 9892455155**

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.
મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

**સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર**
**ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ**
**૯૮૨૪૦૬૬૩૭૫**

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Fern Hotels

**The Fern Residency, Kuwadva Road, Rajkot.**
**E-mail : nitin@sgsrgroup.com**

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
વિદર્ભ સહ મધ્યભારત વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

## શ્રી ધવલ આચાર્ય

**અમદાવાદ**



**યુવા અધ્યક્ષ, ગુજરાત**
**શ્રી લોહાણા મહાપરિષદ**

ROYAL | GROUP

Sandeep Jayakar
Director - Operations
M : +91 93223 32038


**Universal Currency Exchange (I) Pvt. Limited**

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES


Domestic & International Air Tickets


World Wide Hotel Booking


Car & Bus on Rent


Passport, Visa & Travel Insurance Assistance


Rail & Bus Tickets


Domestic & International Tour Packages

Address UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

---

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

---

Hero

Bipin Batavia
Proprietor

**SHIVANG AUTOMOBILES**
**Authorised Dealer Hero MotoCorp Ltd.**

Showroom :
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

---

હાર્દિક શુભેચ્છા સહ

ભરતભાઇ ચંદારાણા
પરિવાર, નાશિક

---

હાર્દિક શુભેચ્છા સહ

સુરેશભાઇ કોટક
પરિવાર, નાશિક

---

હાર્દિક શુભેચ્છા સહ

કિશનભાઇ સોમાણી
પરિવાર, નાશિક

---

*A Divine Fragrance.....*

**nandini** ®
AGARBATTI

HEAD OFFICE :
NANDINI AGARBATTI CO. PVT. LTD.
5/6, Ambedkar Shopping Centre,
Red Cross Chowk, Nashik - 422 001.
Maharashtra (INDIA)
Tel. : +91 253 - 2578816, 2578708
Fax : +91 253 - 2512400
Email : info@nandiniagarbatti.com
Website : www.nandiagarbatti.com

WORKS :
"Ushakiran" Nandini Nagar
Hirawadi Road, Panchvati,
Nashik - 422 003. Maharashtra (INDIA)
Tel. : +91 253 2511400

---

**YAMAHA**

Mahesh Thakkar
Partner

TORQUE MOTORS
Showroom : Shop No. 2, Komal Plaza,
Near INOX Cinemas, Nasik Pune Road,
Nasik - 422006
Ph : +91 94222 59554
E-mail : mahesh.torquemotors@gmail.com

Torque Responsibly

# વૃક્ષો વાવો.... ધરતી બચાવો...

From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.





Airport Road, Gandhidham, Gujarat, India - 370201. Tel: +91 2836 666666, 99798 45501 | www.radisson.com/kutchin
Radisson

**ભરતભાઈ રેલીયા, રાજકોટ**
**૯૮૨૫૦ ૭૮૯૫૯**

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.



JIGNESH BHAJIAWALA

+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH

Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

**હાર્દિક શુભેચ્છા સહ**

**કરસનભાઈ મૂળજીભાઈ કતીરા**
**પરિવાર, નાશિક**

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station,
Farmaji Compound, Alkapuri, Vadodara.




187/12/B/1-2, Champalipura, Nr. CASA Paradise
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

187, Champalipura, Nr. Narmada Vasahat
Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS

2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

**Mukesh Chothani**
Certified Financial Consultant

UDIT INVESTMENTS

- Mutual Funds • Investment
- Insurance • Retirement
- Tax Planning • I.P.O. & Bonds
- Co-Deposite & Loan Consultancy

2, First Floor, Amrut Chambers, Malegaon Stand,
Panchavati, Nashik-422003
Tel. (O) 0253-2511136, 6565755, (M) 9822274907
E-mail _ namaskar37@gmail.com

PRESIDENT : GUNTAVNUK PRATINIDHI VIKAS SANSTHA, NASHIK

**હાર્દિક શુભેચ્છા સહ**

**યોગેશભાઇ કાનાણી**
**પરિવાર, નાશિક**

## રક્તદાન... મહાદાન... Download : lmpbloodseva.org

### કે. સી. ઠક્કર - ગાંધીધામ

B.E. (Civil) - Engg. & Developer

(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટરલીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકરીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362

### S.S.THAKKAR

Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.

JUGHEAD · Bistro@ Coffee Break · FARM FAIR CHINESE CUISINE · baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad

### DAMYANTI FOOD PRODUCTS

*(a Unit of B.K. Group, Nagpur)*

**Manufacturers Of :**
Mil Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida,
Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs

For Trade Inquiries Contact : M - 09423682727
E mail :

### હરીલાલ દયાળજીભાઈ ઠક્કર (રામાણી)

આદીપુર મો. ૯૮૭૯૧૩૮૧૫૩



વિભાગીય અધ્યક્ષ, કચ્છ - લગ્નવિષયક સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ

ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

### MONARCH

(A house of complete Software Solution)

**Our Software Services**

- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

### શૈલેષભાઈ સોનપાલ

airtel ૯૮૯૮૬ ૫૨૧૬૩

SAMSUNG

**Shivam Agency**
**Shivam Mobile Services Pvt. Ltd.**
**Radhey Sales Pvt. Ltd.**

16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

### હાર્દિક શુભેચ્છા સહ

### કિશોરભાઇ ઠક્કર
### પરિવાર, નાશિક

### PARi Creation

PARI **Girls Ethnic Wear**



414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

## સાંસ્કૃતિક સમિતિ

સાંસ્કૃતિક સમિતિની રાષ્ટ્રીય બેઠકનું આયોજન વ્હીસલીંગ મેડોઝ, એસ.જી. હાઈવે, અમદાવાદ ખાતે તા.૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે કરેલ છે. રજિસ્ટ્રેશન બાદ નિર્ધારિત એજન્ડા ઉપર આ મીટીંગની કાર્યવાહી કરી સાંજે ૭.૩૦ કલાકે ભોજન સાથે મીટીંગનું સમાપન થશે. સાંસ્કૃતિક સમિતિમાં ઉત્સાહભેર જોડાઈ પોતાના કૌશલ્યનું સમાજના દિકરા દીકરીઓને સમર્થ બનાવવા માટે ઉપયોગ થાય તે માટે સંમતિ આપી પોતાના અપાયેલા યોગદાન બદલ હું આભાર સહ અભિનંદનની લાગણી વ્યક્ત કરું છું.

જીતેન્દ્ર ઠક્કર - રાષ્ટ્રીય અધ્યક્ષ, રાજેશ ઠક્કર - રાષ્ટ્રીય ઉપપ્રમુખ, વિરલ રાચ્છ - મંત્રી, હર્ષદભાઈ ઠક્કર - ખજાનચી, વિપુલભાઈ વિઠલાણી - સભ્યશ્રી, ભરત ઠક્કર - સભ્યશ્રી, કેતા ઠક્કર - સભ્યશ્રી, રાકેશ પુજારા - સભ્યશ્રી, મીનલ પ્રકાશ ઠક્કર - સભ્યશ્રી, હીના ઠક્કર - સભ્યશ્રી, કૃષ્ણાવદન ઠક્કર - સભ્યશ્રી, શૈલેષ ઠક્કર - સભ્યશ્રી, દિવ્યાંગ ઠક્કર - સભ્યશ્રી, કોમલ ઠક્કર - સભ્યશ્રી, રાકેશ જોબનપુત્રા - સભ્યશ્રી (મસ્કત), અમીત ઠક્કર - સભ્યશ્રી, દિવ્યા ઠક્કર - સભ્યશ્રી, પાર્થ ભરત ઠક્કર - સભ્યશ્રી, હર્ષા ઠક્કર - સભ્યશ્રી, કમલેશ વસાણી - સભ્યશ્રી, રાજેશ ઠક્કર - સભ્યશ્રી (પાટણ) મુકેશ અખાણી - સભ્યશ્રી, અશોક સચદે - સભ્યશ્રી, કેતુલ અખાણી - સભ્યશ્રી (યુએસએ), ચાંદની ઠક્કર - સભ્યશ્રી, મીત પુજારા - સભ્યશ્રી, નીલેશ ઠક્કર - સભ્યશ્રી, સોનલ કોટેચા - સભ્યશ્રી (આફ્રિકા), વર્ષા ઠક્કર - સભ્યશ્રી.

- જીતેન્દ્ર ઠક્કર, અમદાવાદ - રાષ્ટ્રીય અધ્યક્ષ

## શિક્ષણ સમિતિ

તા.૧૬ નવેમ્બર, ૨૦૧૬ ને બુધવારના રોજ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક દ્વારા શ્રી લોહાણા મહાપરિષદમાં શૈક્ષણિક સહાય માટે આવેલી અરજીઓને અગાઉથી જાણ કરી ઈન્ટરવ્યુનું આયોજન કરેલ. આ દિવસે ૧૯ જેટલા વિદ્યાર્થીઓને જરૂરિયાત પ્રમાણે કુલ ૪ લાખ જેટલી રકમ આપવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, દર માસે બેથી ત્રણ વખત આ પ્રકારના આયોજન કરી તમામ અરજીઓને એક જ દિવસમાં સંતોષકારક રીતે ન્યાય આપવામાં આવ્યો હતો. ઉચ્ચ શિક્ષણ માટે સહાય મેળવવા માટેનું ફોર્મ શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર ઉપલબ્ધ છે જેને ઈમેલ દ્વારા પણ મંગાવી શકાય છે.

સપ્ટેમ્બર માસમાં નવી મુંબઈ ખાતે યોજાયેલી કારોબારી સમિતિમાં જાહેર થયા પ્રમાણે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આઈએસ અને આઈપીએસ જેવી પરીક્ષાઓ માટે યોગ્ય વાતાવરણ, ટ્રેનિંગ તથા માર્ગદર્શન મળી રહે તે માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પ્રાથમિક તબક્કે ૫૦ જેટલા વિદ્યાર્થીઓની એક બેચ બનાવી તેમને દર શનિ-રવિ અમદાવાદ ખાતે વિશેષ ટ્રેનિંગ આપવામાં આવશે. બે થી ત્રણ વર્ષ સુધી ચાલનાર આ ટ્રેનિંગમાં આવેલા તમામ ફોર્મમાંથી પસંદગી સમિતિ દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. દરેક વિસ્તારમાં તેજસ્વી દિકરા-દિકરીઓને આ બાબતે જાગૃત કરી શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ પરથી આ ફોર્મ ભરી તા.૧૪ જાન્યુઆરી સુધીમાં, મધ્યસ્થ કાર્યાલય પર જમા કરાવવા વિનંતી. ફેબ્રુઆરી માસમાં પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી આગામી વેકેશનમાં આ વર્ગો શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી તરફથી ૧૦-૧૦ વિદ્યાર્થીઓ માટેનો સંપૂર્ણ ખર્ચ આપવાની પણ જાહેરાત કરાઈ હતી. આ બંને મહાનુભાવોને ખૂબ ખૂબ આભાર સહ અભિનંદન.

સંકલક - રમેશ અનમી, અમદાવાદ

## રમતગમત સમિતિ

સ્વ. પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી પરિવાર પ્રેરિત ત્રીજી રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૨૭, ૨૮ અને ૨૯ જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ બારામતી સ્ટેડિયમ, કટક (ઓરિસ્સા) ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી લોહાણા મહાપરિષદના વિવિધ વિભાગોમાં રમાયેલી વિવિધ મેચોને અંતે વિવિધ વિભાગોમાંથી નિર્ણાયક ટીમ કટક ખાતે પહોંચી પ્રથમ બે દિવસ સેમિફાઈનલ અને ત્યારબાદ તા. ૨૯ જાન્યુઆરીના રોજ ફાઈનલ મેચ રમાશે અને આ દિવસે ઉત્તર પૂર્વ વિભાગનું યુવા સંમેલન તથા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક (સંભવિત) યોજાશે.

- પિયુષ મજીઠિયા, પોરબંદર
રાષ્ટ્રીય અધ્યક્ષ











## વૃક્ષમાં વાસુદેવ...
## છોડમાં રણછોડ...

શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ તથા ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ દ્વારા "અન્ય શહેરોને દિલ્હી બનાવતા રોકીએ" વિષય પર  ગોંડલ એશિયાટીક એન્જિનિયરીંગ કોલેજ ખાતે પર્યાવરણ સમિતિનો કાર્યક્રમ યોજાયો હતો. આ પરિસંવાદમાં વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક જ્ઞાતિ અગ્રણીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ગત વર્ષે યોજાયેલ નેશનલ પેઈન્ટિંગ અને સ્લોગન કોમ્પિટિશનના વિજેતાઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ગોપાલ ભુવા, શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, શ્રી શૈલેષભાઈ ગોવાણી, શ્રી હિતેષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.  અત્યંત સફળતાપૂર્વક યોજાયેલા આ કાર્યક્રમમાં જેમણે જેમણે સહયોગ આપ્યો હતો તે તમામનો પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ચાલો વન્યજીવન વિષે જાણીએ
## (નરારા ટાપુ)

વન્યજીવન વિષે જાગૃતિ અને પ્રકૃતિ શિક્ષણ, પર્યાવરણ સંરક્ષણનો મહત્ત્વનો ભાગ છે. આવા ઉમદા ઉદ્દેશ્યથી પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન-૨૦૧૬નું આયોજન કરવામાં આવેલ છે. આપણા દેશમાં વન્યજીવો તથા સમુદ્રીજીવોની ઘણી દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે. ગુજરાત રાજ્યનો વિશાળ દરિયાકિનારો વિવિધ પ્રકારના સમુદ્રીજીવોનું નિવાસસ્થાન છે. સમુદ્રીજીવોને સાવ નજીકથી જોવા અને તેમના વિષે જાણકારી મેળવવાનું એક સ્થળ છે નરારા ટાપુ (નરારા બેટ).

નરારા ટાપુ, જામનગરથી આશરે ૬૦ કિ.મી. દૂર છે. નરારા ટાપુ પર પહોંચવું સહેલું છે કારણ કે તે રોડ સાથે જોડાયેલ છે. અહીં પ્રવાસીઓની સવલત તેમજ જાણકારી માટે "પરિચય કેન્દ્ર" અને કેમ્પસાઈટ ઉપલબ્ધ છે. નરારાના કિનારે ચેર વનસ્પતિની છ જાતો જોવા મળે છે. ચેરના વૃક્ષો કિનારાનું ધોવાણ અટકાવે છે અને અનેક રીતે પર્યાવરણ માટે ઉપયોગી છે. નરારા રીફ પરવાળા અને સંલગ્ન જીવસૃષ્ટિથી સમૃદ્ધ છે. અહીં ભરતી ઓટના વિસ્તારમાં ઓટના સમયે પગે ચાલતાં અનેક રંગીન દરિયાઈ જીવો નિહાળી શકાય છે. "કોરલ વોક"નો લહાવો ખરેખર દુર્લભ છે. નરારા પર સખત પરવાળાઓની ૨૬થી વધુ જાતો જોવા મળે છે. પરવાળાએ અતિ સરળ પ્રકારના પ્રાણીઓ છે. સંલગ્ન જીવસૃષ્ટિમાં સમુદ્ર ફુલ, જેલી ફીશ, વિવિધ પ્રકારના દરિયાઈ કીડાઓ, ૨૦થી વધુ જાતિના કરચલાઓ, મૃદુકાય પ્રાણીઓ જેવા કે ઓક્ટોપસ, દરિયાઈ ગોકળગાયો, શંખલા અને છીપલા, મોતી, છીપ, તારા માછલીઓ, સાગર ગોટા, પફર ફીશ, સ્ટીંગ રે, દરિયાઈ સાપ વિગેરે ધ્યાનાકર્ષક છે. નરારા ખાતે ૫૦થી વધુ દરિયાઈ શેવાળની જાતો નોંધાયેલ છે. દરિયાઈ શેવાળ પરવાળાના નિર્વસન તંત્રમાં પ્રાથમિક ઉત્પાદકો તરીકે અતિ અગત્યનું સ્થાન ધરાવે છે, જે વિવિધ પ્રકારની માછલીઓ અને દરિયાઈ જીવોને આહાર ઉપલબ્ધ કરાવે છે. આ ઉપરાંત નરારા પર દરિયાઈ ઘાસનાં વિસ્તારો પણ ફેલાયેલા છે. જે દરિયાઈ કાચબા અને તૃણાહારી માછલીઓનો યોગ્ય આવાસ તેમજ આહાર પૂરા પાડે છે.

દરિયા  કિનારાના પક્ષીઓ જોવા માટે પણ નરારા એક શ્રેષ્ઠ સ્થાન છે. અહીંયા સુરખાબ, સર્પગ્રીવો, કાંકણસાર, ઉલ્ટી ચાંચ, કાજીયા, તુતવારી, પીળી ચાંચ, ઢોંક, વિવિધ જાતના બગલાઓ તથા વિવિધ જાતની વાબગલીઓ અને ધોમડાઓ જેવા કિનારાનાં પક્ષીઓ તેમજ બુલબુલ, તેતર, કાબર, ચકલી, અબાબીલ, કાળો કોશી, હોલા અને કાગડા જેવા જમીન તેમજ ચેરના વનોમાં વસવાટ કરતાં પક્ષીઓ સહજ રીતે તેઓનાં પ્રાકૃતિક આવાસમાં વિચરતા જોવા મળે છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરીનો સમય નરારા ટાપુની મુલાકાત માટે શ્રેષ્ઠ સમય છે.

પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજીત નેશનલ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશન-૨૦૧૬, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ઉંમર પ્રમાણે ત્રણ વિભાગ છે. (ગ્રુપ-એ ૨૦ વર્ષ સુધી, ગ્રુપ-બી ૨૧-૪૦ વર્ષ, ગ્રુપ સી ૪૦ વર્ષથી વધુ) સ્પર્ધકો પોતાની પસંદગી પ્રમાણે પ્રિન્ટેડ ફોટો (સાઈઝ ૧૨ બાય ૮) અથવા jalarambapa999@gmall.com પર ફોટો ઈમેઈલથી (૭ મે.બી. થી નાનો જેપીઈજી અથવા જેપીજી) મોકલી શકે છે. વધુ માહિતી આપ અમારા ફેસબુક પેજ **www.facebook.com/LMP - Lohana environment** પરથી મેળવી લેશો.

- કિરીટ ભીમાણી, અમદાવાદ - રાષ્ટ્રીય અધ્યક્ષ

# પ્રોફેશનલ સમિતિ



શ્રી લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ સમિતિ તથા પોરબંદર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે જીએસટીના માર્ગદર્શન માટે સુંદર સેમિનારનું આયોજન કરવામાં આવેલું. આ કાર્યક્રમમાં જીએસટી કાયદા અને ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ ટેક્સીસના નિષ્ણાત શ્રી નિલેશભાઈ સૂચક દ્વારા તમામ વેપારી સભ્યોને વિવિધ પ્રકારના વેરા અંગે સુંદર સમજ આપી હતી. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયા, ડૉ. વિરમભાઈ ગોઢાણીયા (માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ) તથા પોરબંદર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન શ્રી દિલીપભાઈ ગાજરા, શ્રી પદુભાઈ રાયચુરા, શ્રી જતીનભાઈ હાથી, શ્રી ટી.કે.કારિયા, શ્રી જયેન્દ્રભાઈ લાખાણી, શ્રી વિજયભાઈ ઉનડકટ તથા રઘુવંશી સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે લગભગ ૯૦ મિનિટ જેટલો સમય વિવિધ



પ્રશ્નોત્તરીમાં વ્યતિત થતા સૌની ઉત્સુકતા અને જાગૃતિ અંગે પણ આનંદની લાગણી અનુભવાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા અને શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રોફેશનલ સમિતિની આખી ટીમને આ સુંદર આયોજન બદલ વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક શ્રેષ્ઠીઓએ સુંદર વ્યવસ્થા કરી હતી તથા કાર્યક્રમમાં શ્રી હિમાંશુભાઈ, શ્રી નિલેષભાઈ સુચક તથા શ્રી શિલ્પાંગભાઈ કારીયાનું પણ વિશેષ સન્માન કરાયું હતું.

- વિજય ઉનડકટ, પોરબંદર

## વિશેષ નોંધ - જલારામ રથયાત્રા

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જ્ઞાતિ સંગઠન અને સેવાને વેગ મળે તથા પૂજ્ય જલારામ બાપા દ્વારા જગતને અન્નક્ષેત્રની મળેલ ભેટ ને ભવ્યાતિ ભવ્ય વર્ષ ૨૦૧૮માં ૨૦૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે તે અનુસંધાને માતૃસંસ્થા દ્વારા પૂજ્ય જલારામ બાપાની ભવ્યાતી ભવ્ય રથયાત્રાનું આયોજન આગામી વર્ષે કરવામાં આવશે જેની આગોતરી જાણ અને વિગતવાર માહિતી મહાજનશ્રીઓ સાથે સંપર્ક કરી રજૂ કરવામાં આવશે. વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ આ આયોજન થોડા સમય પછી હાથ ધરવાનું નક્કી કરાયેલ છે. જેની નોંધ લેશો.

- કાર્યાલય

# સંસ્થા સમાચાર

## અખિલ ગુજરાત લોહાણા સમાજ

અખિલ ગુજરાત લોહાણા સમાજ મહિલા સમિતિ અમદાવાદ દ્વારા પરમ પૂજ્ય શ્રી રામચંદ્ર ભગવાન તથા જલારામ બાપાની કૃપાથી ૪૫૦ સંસ્થાના તથા મંડળોનું નેતૃત્વ કરતી સંસ્થા શ્રી અખિલ ગુજરાત લોહાણા સમાજ મહિલા સંગઠને સમગ્ર ગુજરાતનું મહિલા સંમેલન યોજવાનું નક્કી કરેલ છે. તેમાં સ્ત્રી સશક્તિકરણ, સંગઠન, બહેનો, માતાઓનો સમૃદ્ધ સમાજની રચનામાં ફાળો, ડોશીમાનું વૈદ્ય તેમજ આવનારા વર્ષોમાં નવી મહિલા ટીમનું વિઝન અને મિશન ઝોન મુજબ મહિલા સમિતિના હોદ્દાઓની નિમણૂંક વગેરે ઉપર ચર્ચા વિચારણા થશે જેનું યજમાનપદ શ્રી રઘુવંશી લોહાણા સમાજ, અંકલેશ્વર દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આ સંમેલન તા. ૧૮-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૫.૩૦ દરમ્યાન ડાયમંડ ચિલ્ડ્રન થિયેટર, શ્રી ડી.એ.આનંદપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગુરુ સ્કુલની બાજુમાં, જીઆઈડીસી, અંકલેશ્વર ખાતે યોજાશે જેના મુખ્ય મહેમાન શ્રીમતી નીમાબેન આચાર્ય રહેશે અને અતિથિ વિશેષ તરીકે શ્રીમતી વીણાબેન પાંધી (રાજકોટ), શ્રીમતી જયાબેન ઠક્કર (વડોદરા), શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી (મુંબઈ), પૂજ્ય હેતલ દીદી (બીલીમોરા) ઉપસ્થિત રહેનાર છે. આ સંમેલનમાં શ્રી ધનવાનભાઈ કોટક (સુરત), શ્રી ઠાકોરભાઈ ઠક્કર (વડોદરા), શ્રી મુકેશભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી ભગવાનદાસ બંધુ (ડીસા), શ્રી શૈલેષકુમાર સોનપાલ (સુરત), શ્રી પ્રવિણભાઈ ઠક્કર (અમદાવાદ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

- સંકલન : ભીખુભાઈ ઠક્કર

## કોલકાતા

શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર પૂર્વ ભારત વિભાગ) સ્થાપિત સંસ્થા શ્રી રઘુવંશી ફોરમ દ્વારા નવા વર્ષના આગમન માટે તેમના સભ્યો તેમજ પરિવારજનો માટે એક સ્નેહ-સંબંધ મિલન તા. ૩૧-૧૦-૨૦૧૬ ને સોમવારના રોજ શ્રી કલકત્તા ગુજરાતી સમાજના હોલ મધ્યે યોજેલ જેમાં આશરે ૩૫૦ થી વધારે સંખ્યામાં સભ્યો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહ સંબંધ મિલન માટે અગાઉથી જ દરેક સભ્યોને એક ફોલ્ડરમાં વર્ષ ૨૦૧૫-૧૬ નાં વાર્ષિક અહેવાલની કોપી, રઘુવંશી ફોરમના લોગોવાળી ચાંદીના સિક્કા સ્મૃતિ રૂપે ભેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ફોરમના સ્થાપકો સર્વશ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, હીરાલાલભાઈ રાજા, વિનોદભાઈ ઑંધિયા, પુરૂષોત્તમભાઈ પારેખ, રાજેશભાઈ સરૈયાના વરદહસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદ (ઉત્તર-પૂર્વ વિભાગ) મહિલા સમિતિના પ્રમુખ સુશ્રી ભારતીબેન ઠક્કર બાદ ફોરમના પ્રમુખ શ્રી કિશોરભાઈ દત્તાણીએ ફોરમ વતી સહુનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. પ્રભુ સ્મૃતિદાન, શક્તિદાન, શાંતિદાન આપે એ કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી બાળસંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા સંધ્યા (પ્રાતઃકાળ -સવારે ઉઠ્યા સમયના શ્લોક, જમવા પહેલાનો શ્લોક અને શયન વખતનો શ્લોક)નું પારાયણ કરવામાં આવ્યું હતું. બાળકોએ મધુર ગીત પર માતા-પિતા, ગુરૂ અને પ્રભુનો આભાર માનતું સુંદર નૃત્ય પણ રજૂ કર્યું હતું જેને સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. આ પ્રસ્તુતિનું સંચાલન ક્રિશ્નાબેન દત્તાણી અને રેખાબેન બુવારિયાએ કર્યું હતું.

- સંકલન : કિશોર દત્તાણી

## આણંદ

તા.૭-૧૧-૨૦૧૬ને સોમવારના રોજ પૂ.શ્રી જલારામબાપાની ૨૧૭મી જન્મ જયંતી નિમિત્તે શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન, આણંદ દ્વારા અમૃતવાડી ખાતે પૂ.જલારામબાપાની જન્મજયંતીની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતું. સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમ્યાન શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ અને સખી મંડળની બહેનો દ્વારા જલારામબાપાના ભજનોની રમઝટ બોલાવેલી. ભજનો પછી આ કાર્યક્રમના સ્પોન્સર શ્રી ચંદ્રકાન્તભાઈ જયંતિભાઈ પંચમતિયાના કુટુંબના સભ્યોએ બાપાની આરતી ઉતારી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી જયેશભાઈ કારિયા, ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ મીરાણી, મંત્રી શ્રી નરેન્દ્રભાઈ માણેક, ટ્રસ્ટીગણના સભ્યો, યુવા સંગઠનના સભ્યો, મહિલા મંડળની બહેનો તેમજ જ્ઞાતિ અગ્રણીઓએ બહોળી સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન શ્રી ચંદ્રકાન્તભાઈ પંચમતિયાના પરિવાર તરફથી કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મેનેજરશ્રી પરેશભાઈ કારીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

-સંકલન : નરેન્દ્રભાઈ માણેક

## કોઠારા

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા પૂ. જલારામબાપાની ૨૧૭મી જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવેલ. સવારના પૂ. જલારામબાપાની પુજનવિધિ જીજ્ઞા જયેશ ખાંટ અને અવનિ આશિષ ધીરવાણીને જયેશભાઈ જોષીએ કરાવી હતી. સાંજે દરિયાસ્થાન મંદિરમાં જલારામ યુવક મંડળ આયોજિત ભાઈઓ-બહેનો માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ ૬-૦૦ વાગે રવાડી ગામના મુખ્યમાર્ગો પરથી પસાર થઈ હતી. "પૂ.જલારામ બાપાના ગુણગાન", ભજન-કીર્તન, ધુનથી ગામની શેરીઓ ગુંજી ઊઠી હતી. અનેક ભક્તજનો દર્શનનો લાભ લીધો હતો. જેમાં તુલસીદાસ ધીરાવાણી, અક્ષય શાહ, હિમાંશુ કેસોતા અને પ્રકાશ લુહાર પોતાની શૈલીથી સૌ ભક્તજનોને પ્રભાવિત કર્યા હતા. સાંજે જલારામ મંદિરમાં ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં પૂ.બાપાના ભક્તો જોડાયા હતા. વનરાજસિંહ જાડેજા, ભાવેશ સોનાઘેલા, કિશોર કેશરિયા ભાવમુગ્ધ કર્યા હતા. રાત્રે સમૂહ પ્રસાદમાં જ્ઞાતિના તેમજ ગામના અન્ય ભક્તજનોએ લાભ લીધો હતો. ધાર્મિક વિધિ અને આરતી ગોર જયાશંકરે કરાવી હતી. પુજનવિધિ અને મહાઆરતી પ્રસંગે પ્રસાદના દાતા તરીકે ઠા.કિશોર લીલાધર ભગદે સહયોગ આપ્યો હતો. મહાપ્રસાદમાં મહાજનશ્રીના ફાળા સાથે અરવિંદ લહેરીલાલ ધીરાવાણી અને શૈલેષ લીલાધર સોનાઘેલા પરિવારે આર્થિક સહયોગ આપી લાભ લીધેલ. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટી રમેશ ભગદે, સુરેશ અનમ અને ગોરધનદાસ ભગદેએ સંભાળી હતી.

## રાજકોટ

રઘુ શક્તિ સેના : ૧૩૫૦ પશુઓનો ટ્રીટમેન્ટ મેડિકલ કેમ્પ યોજીને શ્રી રઘુ શક્તિ સેનાએ ગૌવંશ સેવાની દિશામાં ઉઠાવ્યું ક્રાંતિકારી કદમ. ઘાસ, રોટલી, લાડુ, ગોળ, લીલા શાકભાજી વગેરે ખાદ્ય વાનગીઓ આપીને ગૌવંશની બહુ સારી રીતે સેવા કરવામાં આવે છે. શ્રી રઘુ શક્તિ સેનાએ આ ઉપરાંત આ મૂંગા પ્રાણીઓની વૈદ્યકિય સારવાર કરીને એક નવો ચીલો ચાતર્યો છે. રવિવાર તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ પાલઘર જિલ્લાના વસઈ તાલુકાના સકવાર, ભાલીવલી, ચામુંડાદેવી આ ત્રણ પશુ આશ્રમના કુલ ૧૩૫૦ ગૌવંશને રસીકરણ, બી કોમ્પ્લેક્ષ ટોનિક, ગ્લુકોઝના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. શ્રી જલારામ બંધુ મંડળ, બોમ્બે વેટરનીટી કોલેજ અને શ્રી માટુંગા જૈન ગૌ સેવક મંડળના સંગાથે શ્રી રઘુ શક્તિ સેનાએ ગૌ વંશ માટે આ મેડિકલ કેમ્પ યોજીને ગૌ વંશ સેવાની દિશામાં ક્રાંતિકારી, અનુકરણીય પગલું ભર્યું હતું. આ મેડિકલ કેમ્પ માત્ર નિદાન, ચેકઅપ કેમ્પ નહતો, પણ ટ્રીટમેન્ટ, સારવાર કેમ્પ હતો, જે તેની વધારે ઉપયોગિતા સાર્થક કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૌસેવાના ઉદ્દેશ સાથે શ્રી રઘુ શક્તિ સેનાએ મુલુંડમાં પદ્માવતી બેંક્વેટ હોલમાં તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ સ્વાતંત્ર્ય દિવસની સોહામણી સંધ્યાએ કાઠિયાવાડી ડાયરાનું આયોજન કર્યું હતું. જેમાં દાતાશ્રીઓએ ધનની ઢોળી છલકાવી દીધી હતી. આ ભંડોળનો ઉપયોગ કરી વચનપૂર્તિના ભાગરૂપે આ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો.

એનીમલ એમ્બ્યુલન્સ સહિત ચાર બસોના કાફલામાં ૨૦૦ જેટલા ડોકટરો હતા. ૩૫ સીનીયર ડોકટર્સ સાથે એ મેડિકલ કોલેજના ૧૬૫ આસીસ્ટન્ટ, તાલીમાર્થી ડોકટર્સ હતા. સાંજ સુધી ચાલેલા આ મેડિકલ કેમ્પમાં શ્રી રઘુ શક્તિ સેનાના સંનિષ્ઠ કાર્યકર્તાઓ આ મૂંગા પશુઓને આ સારવાર લેવા તેમને તૈયાર કરવા માટે તેમની સાથે ખડેપગે ઊભા રહ્યા હતા. ઈંજેક્શન આપવાની કપરી કામગીરી બાદ  ઔષધિ મિશ્ર પશુખાદ્ય - ભૂંસુ પણ આ બધા પ્રાણીઓને આપવામાં આવ્યું હતું. આ સર્વે કામગીરી આ મેડિકલ કોલેજના ડૉ. આર.જે. ચૌધરી, ડૉ. પાવલકર ડી.એ. અને ડૉ. સહિર ગાયકવાડ તેમજ બીજા સીનીયર ડૉક્ટરોના પ્રત્યક્ષ માર્ગદર્શનમાં પૂર્ણ કરવામાં આવી હતી.શ્રી જલારામ બંધુ મંડળના શ્રી વિજયભાઈ ટેકચંદ દાવડા (વીજુ ભગત) અને શ્રી માટુંગા જૈન ગૌ સેવક મંડળના ટ્રસ્ટી શ્રી પંકજભાઈ મહેતાનો પ્રત્યક્ષ રચનાત્મક સહયોગ એ આ કેમ્પના આધાર સ્તંભ હતા.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં સચીન રૂપારેલે બહુ જ ભાવવાહી રીતે ડોકટર્સ ટીમ અને સંગાથી સંસ્થાઓનો આભાર માન્યો હતો. ડૉક્ટર્સની સાથે લાલજી સરે પણ સંક્ષિપ્ત સંબોધન કર્યું હતું. શ્રી રઘુ શક્તિ સેનાના પ્રણેતા શ્રી પંકજ ઠક્કરના હસ્તે આ કેમ્પના વરિષ્ઠ ડૉક્ટરોને પ્રતિક મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ૬૫ જણાની શ્રી રઘુ શક્તિ સેનાની ટીમે પૂરી સહકારની ભાવનાથી આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

## સિકંદરાબાદ

૧૯૯૧માં સિકંદરાબાદ મધ્યે પૂજ્ય જલારામ બાપાની પુણ્યતિથિ ઉજવવા માટે શ્રી હસમુખભાઈ દાવડાના નેજા હેઠળ શ્રી જલારામ સેવા સમિતિની સ્થાપના કરવામાં આવેલ. આ રજત જયંતિ ઉજવવા બે દિવસીય ભવ્ય કાર્યક્રમ દ્વારા પૂજ્ય જલારામબાપાની ૨૧૭મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદની કારોબારીના માનનીય સભ્ય શ્રી યોગેશભાઈ રમણલાલ ઠક્કર, અમદાવાદના પરિવારની આકસ્મિક હાજરી એક અનોખું આકર્ષણ બની રહેલ. રવિવાર તા. ૬-૧-૨૦૧૬ના અત્રેની સરકારી હોસ્પિટલમાં અન્નસેવાની શરૂઆત બાદ નિઃશુલ્ક મેગા મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ, ત્યારબાદ ટુ-વ્હિલર રેલીનું આયોજન કરવામાં આવેલ. મધ્યાહ્નની પ્રસાદી બાદ શ્રી જલારામ મહિલા મંડળ દ્વારા શ્રી હનુમાન ચાલીસા તેમજ સુંદરકાંડનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવેલ. સંધ્યાકાળના સેશનમાં શ્રી જલારામ યુવા મંડળ દ્વારા પૂજ્ય બાપા-વીરબાઈમાં તેમજ ડાન્સીંગ ગણેશની વિશાળ રંગોળી ફક્ત ધાન તેમજ સુકામેવાથી કરવામાં આવેલ. પૂજ્ય બાપાને ૧૦૮ પ્રકારના રોટલા સાથે ૧૦૦૮ સામગ્રીનો અન્નકુટ ધરાવવામાં આવેલ. ૨૧૭ યુગલ પરિવારના સ્વહસ્તે પૂજ્ય બાપાની આરતી તેમજ પ્રતિ વર્ષ અનુસાર પૂજ્ય જલારામ દરબારની ૧૦૮ દિવાથી આરતી કરવામાં આવેલ. આ વર્ષનું મુખ્ય આકર્ષણ ૧૦૦૮ દીવાથી બનાવેલ ભવ્ય ૮ ફૂટ ઊંચી દીપમાળા રહેલ. બે દિવસીય કાર્યક્રમમાં લગભગ ૬-૭ હજાર શ્રધ્ધાળુઓએ ભાગ લઈને પ્રસાદીનો લાભ લીધેલ. ગુજરાત રાજ્ય બહાર પણ પૂજ્ય બાપાના ભક્તોએ મીની વિરપુરની અનુભૂતિ કરાવી હતી.

## તલાલા

રઘુવંશી સમાજના દીકરા-દીકરીઓ માટે રઘુવંશી પરિચય મેળાનું આયોજન શ્રી તલાલા લોહાણા મહાજન ખાતે કરવામાં આવેલ છે. લગ્ન વિષયક રજિસ્ટ્રેશન માટે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ છે. તથા આ કાર્યક્રમ તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ પરિચય મેળો યોજાશે. વધુ માહિતી માટે શ્રી યોગેશભાઈ ઉનડકટ (મો. 9898567334) તથા નિતિનભાઈ છગ (મો. 9924355120) તથા મુકેશભાઈ રાયઠઠ્ઠા (મો. 9979065118) પર સંપર્ક સાધવો.

## પોરબંદર

વી. એન. કોટેચા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન ઉત્સવ તા. ૨૦ નવેમ્બર, ૨૦૧૬ ને રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ છાયા ખાતે યોજાયો. સંસ્થાના પ્રમુખ વિદ્યાબેન કોટેચા તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કાર્યક્રમનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પ. પૂ. ૧૦૮ શ્રી વસંતકુમાર મહોદય શ્રી તથા પૂજ્ય ભાનુ પ્રસાદ સ્વામીજીએ આશીર્વચન પાઠવ્યા હતા.

- સંકલન : પીયૂષભાઈ મજીઠિયા

## નાગપુર

શ્રી જલારામ સત્સંગ મંડળ નાગપુર દ્વારા તા. ૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ શ્રી જલારામ જયંતિ મહોત્સવ ઉજવાયો. આ કાર્યક્રમમાં આગળના દિવસે નિશુલ્ક આખોની ચકાસણી, ચશ્મા વિતરણ તથા મોતીયાનું ઓપરેશન તથા રાત્રે રાસ-ગરબા પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનાં મુખ્ય યજમાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ હિંમતલાલ દાવડા પરિવારે સેવા આપી હતી.

- સંકલન : રાજેશ કનૈયાલાલ ઠક્કર

## અંધેરી-મુંબઈ

શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ-અંધેરી પાર્લા દ્વારા શ્રી વલ્લભ સાખી રસામૃત મહોત્સવ તારીખ : ૯-૧૧-૨૦૧૬ થી ૧૫-૧૧-૨૦૧૬ સુધી વિશ્વકર્મા બાગ, વિલે પાર્લે - મુંબઈ ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં રસિક પરિવારોએ ભાગ લીધો હતો. વૈષ્ણવા ચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી યમુનાજી મહોદય શ્રીની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

- સંકલન : નિખિલ સુબા, મુંબઈ

**આકોલા**

સમસ્ત આકોલા લોહાણા સમાજ દ્વારા ભવ્યા તી ભવ્ય પૂજ્ય જલારામ જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. તા. ૬-૧૧-૨૦૧૬ તથા તા. ૭-૧૧-૨૦૧૬ના રોજ શ્રી જલારામ બાપાની પ્રતિમાનું પૂજન, ભવ્ય શોભા યાત્રા, છપ્પન ભોગ દર્શન તથા લોહાણા નવયુવક મંડળ દ્વારા ટેલેન્ટ શો અને ભજન સંધ્યાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ.

## કર્મનિષ્ઠ કનુભાઈ મગદાણીની ચિરવિદાય




ગઈ તા. ૧૩-૧૧-૨૦૧૬ના ઘોઘારી લોહાણા સમાજ મુંબઈના સ્નેહમિલન પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો તથા જ્ઞાતિ અગ્રણીઓની બહોળી હાજરી વચ્ચે સમાજે કનુભાઈનું જ્ઞાતિરત્નના ખિતાબથી સન્માન કર્યું હતું. અત્યંત નાદુરસ્ત તબિયત હોવા છતાં જ્ઞાતિગંગાનો આભાર માનવા તથા તેમના દર્શન કરવા તેઓ જાતે હાજર રહ્યા હતા. ખૂબ જ યુવાવયે સમાજસેવાની લગની તેમને લાગી હતી. ૧૯૭૦ના દાયકામાં કચ્છ-ભુજ ખાતેથી મીટીંગમાં કનુભાઈએ તેમના કાકા મગનભાઈ મગદાણીના માર્ગદર્શન હેઠળ શ્રી લોહાણા મહાપરિષદના સેવાક્ષેત્રમાં પદાર્પણ કર્યું હતું. ત્યારથી સતત તેઓ માતૃસંસ્થા સાથે જોડાયેલા રહ્યા.

પૂર્વ પ્રમુખો શ્રી મથુરાદાસ મજીઠીયા, શ્રી મંગુભાઈ દત્તાણી, શ્રી હરિભાઈ ડ્રેસવાલા, શ્રી ચંદ્રસિંહભાઈ મિરાણી વગેરે સાથેના કાર્યકાળ દરમ્યાન તેમની કાર્યપધ્ધતિ તથા કામ પ્રત્યેની ચીવટ દ્વારા બધાં જ પ્રમુખોની ચાહના મેળવી. ઈ.સ. ૧૯૯૯ થી ૨૦૦૫ ના સમયગાળા દરમ્યાન શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીના પ્રમુખપદ હેઠળ તેમણે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને ખજાનચી તરીકે સેવાઓ આપી.

ઈ.સ. ૧૯૮૬ થી ૧૯૯૭ ના દીર્ઘકાળ સુધી તેઓ મુંબઈ ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી રહ્યા. ઈ.સ. ૧૯૯૭ થી જુલાઈ ૨૦૧૩ સુધી મુંબઈ ઘોઘારી લોહાણા મહાજનનાં ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી. ઈસ. ૨૦૧૩ ના મહાજનના પ્રમુખ તરીકે વરાયા. ઈ.સ. ૨૦૧૫માં નાદુરસ્ત તબિયતના કારણે પ્રમુખપદેથી નિવૃત્ત થયા.

રઘુવંશી સમાજનું ખુબ જ કાર્યરત તથા માતબર ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે તેઓ ઈ.સ. ૧૯૮૪માં નિમાયા. દસ વર્ષ સુધી મેનેજીંગ ટ્રસ્ટી તરીકે તથા જીવનના અંતિમ શ્વાસ સુધી ખીમજી ભગવાનદાસ ટ્રસ્ટના ચેરમેનપદે રહ્યા. સતત કાર્યરત રહેવું, જ્ઞાતિજનોના મુશ્કેલ સમયે પોતે જઈને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરતા. અત્યંત સરળ, શાંત અને કર્મયોગી કનુભાઈની ચિર વિદાયથી સમસ્ત રઘુવંશી સમાજ રાંક બન્યો છે. પરમકૃપાળુ પરમાત્માની પરમજ્યોતિમાં વિલીન તેમની આત્મજ્યોતિ સેવાક્ષેત્રે આપણા બધા માટે પથદર્શક બની રહે તેવી પ્રાર્થના.

- સંકલન : ધીરુભાઈ મિરાણી, ઘાટકોપર



## રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત વિદુષી ડો. હંસાબેન હિંડોચાનો અભિવાદન સમારોહ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની નિશ્રામાં યોજાયો

સંસ્કૃત ભાષા એ દેશની સંસ્કૃતિ અને સામાજિક ધરોહર છે. નિષ્ઠા અને ચરિત્રવાન રાજનેતાઓ, સ્વતંત્ર સેનાનીઓ સંસ્કૃતના પ્રખર અધ્યાયી હતા તેમ રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત વિદુષી ડૉ. હસાબેન હિંડોચાનો અભિવાદન સમારોહમાં રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું. આ પ્રસંગે ગવર્નરશ્રી ઓ.પી. કોહલી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ડૉ. હંસાબેન હિંડોચાનું ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ.





## બારાઈ પરિવાર દ્વારા અનોખી પહેલ. લગ્ન બાદ સત્કાર સમારંભને બદલે સદ્‌કાર્યનો સંકલ્પ

જાણીતા વ્યાપારી અગ્રણી, લોહાણા આગેવાન તથા અનેકવિધ સામાજિક, વ્યવસાયિક અને રાજકીય સંસ્થાઓ સાથે જોડાયેલ શ્રી મનસુખભાઈ બારાઈના વ્હાલસોયા પૌત્ર ચિ. આલાપ ભરતભાઈ બારાઈના લગ્ન ડૉ. માધવી સાથે નિર્ધાર્યા બાદ સત્કાર સમારંભ ન રાખી તેને બદલે તે રકમ સદ્‌કાર્યમાં વાપરવાનો સંકલ્પ કરી સમાજને એક નવો રાહ ચિંધ્યો છે.

આ અંગે ચિ. આલાપ તથા ડૉ. માધવીએ જણાવ્યું હતું કે અમારા દાદાજી શ્રી મનસુખભાઈ બારાઈ કે જેઓ આજે ૭૬ વર્ષની ઉંમરે પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે તેમાં અમારે યંગ જનરેશને પણ સાથ આપવો જોઈએ અને તેથી અમોએ રાજીખુશીથી સત્કાર સમારંભને બદલે સેવાકીય પ્રવૃત્તિમાં સાથ આપવાનું નક્કી કરેલ છે. સામાન્ય રીતે લોકો પોતાના વ્હાલસોયા સંતાનોના લગ્ન બાદ સત્કાર સમારંભ યોજતા હોય છે અને પોતાના પ્રતિષ્ઠા મુજબ ખર્ચ પણ કરતા હોય છે પણ જુદી માટીના એવા શ્રી મનસુખભાઈ બારાઈએ કંઈક અલગ કરવા પોતાના વ્હાલસોયા પૌત્ર આલાપના લગ્નનું આયોજન તો હિંદુ પરંપરા મુજબ શાસ્ત્રોક્ત વિધિથી કરવાનું નક્કી કર્યા બાદ સત્કાર સમારંભ ન યોજી સત્કાર સમારંભમાં થનાર રકમ સદ્‌કાર્યમાં વાપરવાનું નક્કી કરી બીજા લોકોને પણ પ્રેરણા મળે અને સમાજમાં ક્યારેક દેખાદેખીને લીધે નાના માણસોએ પણ સત્કાર સમારંભના ખર્ચાઓ ના છૂટકે કરવા પડતા હોય છે તેવા લોકોને પ્રેરણા મળે.



## અભિનંદનીય...... અનુકરણીય......

તા. ૧૩ નવેમ્બર, ૨૦૧૬ના રોજ અંધેરી ઈસ્ટ, મુંબઈ પાલીરામ રોડ ખાતે આવેલા લોહાણા ભવનમાં ઘોઘારી લોહાણા મહાજન દ્વારા બે રૂમોનું નવીનીકરણ કરી જ્ઞાતિબંધુઓની સેવા માટે ખુલ્લા મુકેલ છે. નિયત ચાર્જ દ્વારા આવતા જતા સમાજના સભ્યો આ વ્યવસ્થાનો ઉપયોગ કરી શકશે. વધુમાં આરોગ્ય અને સારવાર અર્થે મુંબઈ જતા જરૂરિયાતમંદ પરીવારો માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તથા અન્ય નામી સંસ્થાઓની ભલામણથી આ રૂમો નજીવાદરે અથવા નિઃશુલ્ક પણ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા આ રૂમો ખુલ્લા મૂકાયા હતા. શ્રી સતીષભાઈ વિઠલાણી, સુશ્રી રશ્મિબેન વિઠલાણી, શ્રી કુણાલભાઈ વજાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી અજીતભાઈ ઠક્કર, શ્રી અષ્ટકાંતભાઈ સૂચક, શ્રી જતીનભાઈ પોપટ, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી અજીતભાઈ વજાણી, શ્રી અજયભાઈ પોપટ તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સમગ્ર ટીમે અલ્પાહાર મીટીંગ તથા રૂમોની અનાવરણના કાર્યક્રમનું સુંદર આયોજન કર્યુ હતું.

# શ્રી લોહાણા મહાપરિષદ

## નવલું નજરાણું... સ્વર્ણિમ સોપાન...









## ॥ अतिथि देवो भव: ॥

અમદાવાદના એસ. જી. હાઈવે રોડ પર ખૂબ જ પ્રખ્યાત વિસ્તારમાં આવેલા ભાગવત્ વિદ્યાપીઠ સોલા ખાતે આવેલી રમણીય જગ્યામાં રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના સથવારે અતિથિ નિકેતન ગૃહનું નવિનીકરણ થવા જઈ રહ્યું છે ત્યારે ગુજરાતના કેન્દ્રબિંદુ એવા અમદાવાદમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આ અતિ મહત્વનું સોપાન બની રહેશે.

આ સૂચિત અતિથિ નિકેતન ગૃહમાં અંદાજે ૭૫ જેટલા રૂમો, ૪ જેટલા મોટા હોલ તેમજ વિશાળ ખુલ્લી જગ્યા આવેલી છે. ખુબ જ જૂની એવી આ મિલકતમાં અંદાજે ૧૦ કરોડ જેટલી રકમના રોકાણથી આ સંપૂર્ણ મિલકત અદ્યતન સુવિધાઓથી સજ્જ બની શકશે અને સમગ્ર રઘુવંશી સમાજને એનો વિશેષ લાભ મળશે.

આ અતિથિ નિકેતન ગૃહમાં ભોજન તથા રોકાવા માટેની સુવિધાઓ સત્વરે ચાલુ થાય અને માતૃસંસ્થાને આ સોપાન આપણે સમર્પિત કરી શકીએ તે માટે દેશ વિદેશના સૌ સમાજશ્રેષ્ઠીઓને ઉદાર હાથે ફાળો આપવા અમો હૃદયપૂર્વકની અપીલ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| બિલ્ડીંગ ઉપર નામ | : | **મુખ્ય દાતા ૨.૫૧ કરોડ** |
| | | **સહ દાતા ૧.૫૧ કરોડ** |
| | | **સહયોગી દાતા ૧.૦૧ કરોડ** |
| કેન્ટીન / અન્નપૂર્ણા ભવન | : | મુખ્ય દાતા ૫૧ લાખ |
| સેન્ટ્રલ લોન/ પાર્ટી પ્લોટ | : | મુખ્ય દાતા ૫૧ લાખ |
| ત્રણ મધ્યમ સાઈઝના હોલ | : | મુખ્ય દાતા ૨૫ લાખ |
| બે ટ્રેનિંગ / કોન્ફરન્સ રૂમ | : | મુખ્ય દાતા ૧૫ લાખ |
| ડિલક્ષ / સ્યૂટ રૂમ ઉપર નામ | : | મુખ્ય દાતા ૧૧ લાખ |
| સ્ટાન્ડર્ડ રૂમ ઉપર નામ | : | મુખ્ય દાતા ૫ લાખ |



રૂમની ઉપર મુખ્ય નામ, ભોજનાલય ઉપર મુખ્ય નામ, તેમજ આખાય બિલ્ડીંગની બહાર મુખ્ય નામ (કિર્તીદાન) અર્થે આપ દ્વારા મળેલું આ દાન માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે અને તમામ શ્રદ્ધાળુઓ, ભક્તો તેમજ જરૂરિયાતમંદ પરિવારોના આશીર્વાદથી આપના જીવનનો ઉદ્દેશ ચરિતાર્થ થશે એવી શુભભાવના સાથે આપ સૌના અકલ્પનીય સહકારની અપેક્ષા સહ...

| | | |
|---|---|---|
| ઉમંગ એચ. ઠક્કર | **પ્રવિણ ટી. કોટક** | હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઢા |
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ |

RNI NO. : GUJ/GUJ/2011/44815

'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'

Date of Publication : 5th December 2016

DIGITAL WEB SOLUTION




Grow Your Business Through

DIGITAL MARKETING

We Are Leading Digital Marketing Firm With A Full Range Of Supporting Services Such As Website Development, Software Development, Brand Promotion, Social Media Promotion Etc.

Website Development

Software Development

Social Media Marketing

Digital Marketing



SERVICE • SOLUTIONS • SUPPORT

Contact us +91 97129 17408 Email : - info@dgweb.in Website www.dgweb.in

THE WORLD TRADE tours & travels

Our Services

Air Ticket · Rail Reservations · TAXI · Cruise · Passport Visa · Forex · HOTELS · Package

KUTCH BANASKANTHA ROADWAYS

• Dipak Roadways • Niti Roadways • Sunil Transfreight Carriers • Neel Roadways

Head Office :- 331-334, Iscon Arcade, Opp. Pariseema Complex, C.G. Road, Ellisbridge, Ahmedabad, Gujarat- 380009

Mo : 9925223908 Email Id : info@worldtradetours.com Web : www.worldtradetours.com

INDIA : +91 79 26463010 / 11 / 12 DUBAI : + 9714 3532344 Toll Free - 1800 121 0030

**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Tarun Dattani

**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005

**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)